# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

પી જાય છે નિયમો, નેતા ખંધા થઇ ગયા છે,
દેખાતું નથી સત્ય, સત્તામાં અંધા થઇ ગયા છે,
પડી ગયા છે પેંધા કાયદાઓનાં ઉલ્લંઘનમાં -
કોર્ટના ઠપકા ખાઇ મીંઢા, રીઢા થઇ ગયા છે.

## હાઇકુ

ઉજવે દિન!
છતાં ય કોઇ નથી -
દૂધે ધોયેલા..
(દૂધ દિવસ)

સૌ સમાજ ને -
દૈ ધો પ્રધાનપદું!
જ્ઞાતિ વાઇસ!!
(હીરાભાઇ ગાઇડલાઇન)

## ચિંતન

**પ્રકીર્ણ કેશામ નવેક્ષ્ય કારિણી, સદા ચ ભર્તુઃ પ્રતિકૂલ ભાષિણીમ્ ।**
**પરસ્ય વેશ્મા ભિરતામ પત્ર પામેવિધાં પોષિતમાશુ વર્જયતે ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય, 'સામાન્ય નીતિ'નો આ શ્લોક છે :

'જે વિખરાયેલા વાળ રાખીને સદાય ઘૂમતી હોય, અવ્યવસ્થિત અને તેલ વિનાના જ કેશ રાખતી હોય, વગર વિચારે કામ કરતી ભૂત-ભવિષ્યનો વિચાર કર્યા વિના 'આયોજન વિના' આડેધડ કામ કરતી હોય, હંમેશા પતિ વિરૂદ્ધ બોલનારી હોય સદાય બીજાના ઘરમાં જ આસક્તિવાળી રહેતી હોય, અને લાજ-શરમ નેવે રાખી નિશ્ચિંત રહેલી હોય, એવી સ્ત્રીનો તો તરત ત્યાગ કરવો જોઇએ.'

સ્ત્રી એ ભલે કયાંક બહાર ન જવાનું હોય તો પણ 'પતિ' માટે ઘરમાં વ્યવસ્થિત - આકર્ષિત તૈયાર થઇ ને જ રહેવું જોઇએ. શું બીજાને માટે જ સારા દેખાવું છે.

કેટલીક સ્ત્રી પતિને ભોળો-મૂર્ખ-આવડત વિનાનો ઉતાવળો - જેવાં વિશેષણોથી જાહેરમાં નવાજી ટીકા કરે છે. જાતે ચારિત્ર્યની મર્યાદા ઓળંગી સ્વચ્છંદી જીવન જીવે છે.

આવી 'સ્ત્રી'નો તાત્કાલિક ત્યાગ કરવો.

## સુવિચાર

- સસલાઓ પાસેથી નહીં પણ કાચબાઓ પાસેથી રસ્તાઓનું સાચું જ્ઞાન મળે - એસ. ભટ્ટાચાર્ય
- 'ધિક્કાર' એ પ્રાણહીન છે. આપણામાં એનો વાસ થાય તો એ આપણને પણ પ્રાણહીન બનાવી દે છે - જનકલ્યાણ
- પ્રેમ અને શંકા એ બેવ એકબીજાની ભાષા સમજતાં જ નથી - રજનીશ
- જેમ મોં કંઇ બે કામ ન કરી શકે... ખાવાનું અને ગાવાનું... એમ હાથ બે કામ ન જ કરી શકે.. દોલત ભેગી કરવાનું અને આશીર્વાદ આપવાનું - બર્નાડ શો
- મારી ઇર્ષા કરનારો મને અભિનંદે છે.. એને પોતાને ખબર ન પડે એવી રીતે - લાઓત્ઝુ
- ધનને અંતે જીવનનો વિકાસ ન થાય તો એ દાન નથી, લાખો રૂપિયા આપી દેવા કરતાં પાઇ આપી વિશ્વપ્રેમનો અનુભવ કરનાર ખરો દાનેશ્વરી છે - દિનકર જોષી
- 'લગ્ન' એ સ્વીકાર છે.. સાથે જીવવા માટે સામેની વ્યક્તિને જેવી છે તેવી સ્વીકારવી જ પડે.. આપણે કોઇને બદલવા માટે લગ્ન નથી કરતાં - કાજલ ઓઝા વૈદ્ય

- (સંકલન : દીપક વી. આસરા)

## બોધ કથા

સંસાર વ્યવહારમાં માણસે સદાય ઢીલા-પોચા રહેવાની જરૂર નથી. વિનય-નમ્રતા અને ભાવુક હૃદય પ્રાર્થના અને સંબધોમાં જરૂરી છે પણ જરૂર પડે બાહુબળ અને લાલ આંખની પણ જરૂર તો છે જ નહીં તો સમાજ રાંધ્યા-બાફ્યા વગર જ ખાઇ જાય.

એક કથાકાર મહારાજ બહુ જ ભાવુક હતા. કથા કરતાં કરતાં ભગવાનને થોડી પણ તકલીફ-પીડા થાય તો રડતી આંખે-હાથ જોડી વર્ણન કરે. જાતે તો રડે શ્રોતણ બાઇઓને રૂમાલ નાના પડે! આજે કથાનો છેલ્લો દિવસ હતો. મારાજને દાન-દક્ષિણા-કપડાં ખૂબ ભેટો મળી. મહારાજ એ બધું મોટા થેલામાં ભરી નજીકમાં આવેલ પોતાને ગામ જત હતા. સાંજ ઢળી-કથામાં આવેલ ચોરને - મહારાજના થેલામાં શું છે એની તો ખબર હતી જ, સાથે મા'રાજનો સ્વભાવ સાવ ઢીલો-પોચો છે એની પણ ખબર!

- એટલે વૃક્ષ પાછળથી બહાર આવીને કહ્યું, મારાજ આ થેલો આપી દો! નહીં આ લાકડી સગી નહીં થાય! મહારાજે થેલો જમીન પર મૂક્યો ને ચોરની લાકડી પર તરાપ મારી - હજુ ચોર કંઇ સમજે - વિચારે એના પહેલાં તો ત્રણ-ચાર લાકડી વીંઝી દીધી!

ચોર નાઠો - અને મહારાજના આ રૂદ્ર સ્વરૂપ માટે આશ્ચર્ય થયું. પૂછ્યું મા'રાજા આમ કેમ થયું? તમે તો સાવ ઢીલા-પોચા હતા ને! મહારાજ કહે, જે અમને પ્રેમ-નમ્રતા આપે છે એ બળ-હિંમત અને તાકાત પણ આપે છે.

Email - sureshchandrabhatt18@gmail.com

# ભારતમાં પ્રથમ નાણાપંચના અધ્યક્ષ કોણ હતા?



## ખજાનો

- ડૉ. અનિલ પટેલ
anilbhaikpatel@gmail.com

### ભારતની રાજનીતિ

(૧) કયા વડાપ્રધાને પંચશીલના કરાર કર્યા હતા?
(અ) મોરારજી દેસાઇ (બ) ચંદ્રશેખર
(ક) વી.પી. સિંહ (ડ) જવાહરલાલ નહેરુ

(૨) નીચેનામાંથી કયા રાજયને વિધાન પરિષદ નથી?
(અ) ગુજરાત (બ) ઉત્તર પ્રદેશ
(ક) બિહાર (ડ) મહારાષ્ટ્ર

(૩) કઇ પ્રથા વિશ્વની સંસદીય પ્રણાલીને ભારતની ભેટ છે?
(અ) બજેટ (બ) ધરણાં
(ક) કામ રોકો પ્રસ્તાવ (ડ) શૂન્યકાળ

(૪) આંતરરાષ્ટ્રીય ન્યાયાલય જે યુનોની એક સહયોગી સંસ્થા છે તેનું વડુમથક કયું છે?
(અ) હેગ (બ) સીડની
(ક) સ્ટોકહોમ (ડ) રોમ

(૫) અખિલ ભારતીય સેવાઓમાં નિયુક્તિ કોના દ્વારા કરાય છે?
(અ) રાષ્ટ્રપતિ (બ) સંસદ
(ક) પ્રધાનમંત્રી (ડ) અધ્યક્ષ, યુનિયન પબ્લિક સર્વિસ

(૬) ભારતની ત્રણેય લશ્કરી પાંખોના વડા કોણ છે?
(અ) સંરક્ષણ મંત્રી (બ) વડાપ્રધાન
(ક) ગૃહ સચિવ (ડ) રાષ્ટ્રપતિ

(૭) પક્ષ પલટા અંગેનો વિવાદ ઊભો થાય ત્યારે તેનો અંતિમ નિર્ણય કોણ કરે છે?
(અ) રાષ્ટ્રપતિ (બ) ચૂંટણી કમિશનર
(ક) વડાપ્રધાન (ડ) સદનના અધ્યક્ષ

(૮) કયા સામાજિક કુરિવાજને દૂર કરવા માટે શારદા એક્ટ ઘડવામાં આવ્યો?
(અ) પ્રેતભોજન (બ) દહેજ
(ક) બાળલગ્ન (ડ) અંધશ્રદ્ધા

(૯) કયા આયોગે કેન્દ્ર રાજય સંબંધનો અભ્યાસ કર્યો હતો?
(અ) ઠક્કર આયોગ (બ) શાહ આયોગ
(ક) મંડલ આયોગ (ડ) સરકારીયા આયોગ

(૧૦) નીચેનામાંથી કયુ પુસ્તક પૂર્વ પ્રધાનમંત્રી નરસિંહ રાવ દ્વારા લિખિત વિવાદાસ્પદ છે?
(અ) ધી ઈન સાઈડર (બ) રેવન્યુ સ્ટેમ્પ
(ક) ધ અનટોલ્ડ સ્ટોરી (ડ) બીગ ઈગો સ્મોલ થીંગ

(૧૧) અત્યાર સુધી એકમાત્ર મહિલા મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે રહેલ છે?
(અ) ફાતીમા બીબી (બ) ઉમા ભારતી
(ક) બી.એસ. રમાદેવી (ડ) સુષ્મા સ્વરાજ

(૧૨) કારગીલ યુદ્ધના વિવિધ મુદ્દાઓ તપાસવા માટે કઇ સમિતિ નીમવામાં આવી હતી?
(અ) નાણાવટી (બ) વેંકટ ચૈલેયા
(ક) મનીસાના (ડ) સુબ્રહ્મણ્યમ

(૧૩) ભારત સરકારના સૌથી ઊંચા પદના સિવિલિયન અધિકારી છે?
(અ) ગૃહ સચિવ (બ) સંરક્ષણ સચિવ
(ક) રાષ્ટ્રપતિના સચિવ (ડ) મંત્રી મંડલીય સચિવ

(૧૪) ભારતીય બંધારણમાં કટોકટીનો ખ્યાલ કયા દેશમાંથી લેવામાં આવ્યો?
(અ) જર્મની (બ) જાપાન
(ક) ઈંગ્લેન્ડ (ડ) કેનેડા

(૧૫) ભારતમાં પ્રથમ નાણાપંચના અધ્યક્ષ કોણ હતા?
(અ) શ્રી નિયોગી (બ) બ્રહ્માનંદ રેડ્ડી
(ક) ડૉ. લાકડાવાલા (ડ) ડૉ. આઇ.જી. પટેલ

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ**

- ૨૮ નવેમ્બર ૧૯૫૦ રસેલ એલન હલ્સ-અમેરીકન ભૌતિક વિજ્ઞાન, 'ફર્સ્ટ લાયનરી પલ્સર'ની શોધ બદલ ૧૯૯૩માં નોબલ પ્રાઇઝ મળ્યું.
- ૨૮ નવેમ્બર ૧૯૩૬ ચેરોલ જીલીગન - અમેરીકન મહિલા સાયકોલોજીસ્ટ, જાતિયતા પર સંશોધન કરનાર
- ૨૯ નવેમ્બર ૧૯૫૯ રિચાર્ડ એવન બોરચર્ડ - બ્રિટીશ ગણિતશાસ્ત્રી, ૧૯૯૮માં ફિલ્ડ મેડલ વિજેતા.
- ૨૯ નવેમ્બર ૧૯૪૭ રોબર્ટ એ સ્વાન્સન - અમેરીકન કેમીસ્ટ બાયોટેકનોલોજી ઈન્ડસ્ટ્રીઝના પાયોનીયર
- ૩૦ નવેમ્બર ૧૯૨૬ એન્ડ્યુ વી. સ્કેલી - પોલીસ-અમેરીકન બાયોકેમીસ્ટ, ૧૯૭૭માં નોબેલ પ્રાઇઝ વિજેતા
- ૩૦ નવેમ્બર ૧૯૧૫ હેનરી ટ્યુબ - કેનેડીયન બોર્ન - અમેરીકન રસાયણશાસ્ત્રી, ઓર્ગેનીક કેમેસ્ટ્રીમાં શોધ બદલ ૧૯૮૩માં નોબલ પ્રાઇઝ મળ્યું.
- ૧ ડિસેમ્બર ૧૯૪૧ સ્ટીફન એ બેટોન. - એમરીકન ભૌતિક વિજ્ઞાની, મેડિકલ ઈમેજીંગ અને ફાઈન - આર્ટ્સ હોલોગ્રાફીના પાયોનીયર
- ૧ ડિસેમ્બર ૧૯૨૫ માર્ટીન રોડબેલ - અમેરીકન બાયોકેમીસ્ટ, જી-પ્રોટીનની શોધ બદલ ૧૯૯૪માં નોબલ પ્રાઇઝ મળ્યું.
- ૨ ડિસેમ્બર ૧૯૨૧ ઈશાબેલે કાર્લે - અમેરીકન રસાયણ મહિલા વિજ્ઞાની, 'સિમ્બોલિક એડિશન પ્રોસીઝર' જે એક્સ-રે સાથે સંબંધિત છે. તેના પર સંશોધન
- ૨ ડિસેમ્બર ૧૯૦૬ પીટર કાર્લ ગોલ્ડ માર્ક - અમેરીકન એન્જીનીયર, કોલંબિયા બ્રોડકાસ્ટીંગ સિસ્ટમ શરૂ કરવામાં મહત્ત્વનું યોગદાન
- ૩ ડિસેમ્બર ૧૯૪૨ પીટર સી. સ્કુત્ઝ - અમેરીકન કેમીસ્ટ ઓપ્ટીક ફાઈબર બનાવવામાં સહયોગી વૈજ્ઞાનિક
- ૩ ડિસેમ્બર ૧૯૩૩ પૌલ ક્રટઝન - ડચ કેમીસ્ટ, નાઈટ્રોજન ઓકસાઈડ ને લગતાં સંશોધન કરનાર વૈજ્ઞાનિક
- ૪ ડિસેમ્બર ૧૯૨૪ ફ્રેન્ક પ્રેસ - અમેરીકન ભૂસ્તરશાસ્ત્રી ધરતીકંપનું શાસ્ત્ર પર સંશોધન કરનાર વિજ્ઞાની
- ૪ ડિસેમ્બર ૧૯૦૮ અલ્ફ્રેડ ડે હર્શે - અમેરીકન બાયોલોજીસ્ટ, 'બ્લેન્ડર એક્ષપટીમેન્ટ' એટલે કે બેકટેરીયોગ્રાફની શોધક. ૧૯૬૯માં નોબલ પારિતોષિક વિજેતા.

### ગયા સપ્તાહનો સવાલનો જવાબ

**સવાલ - ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાનનું નામ શું?**
**જવાબ - ટોની એબોટ**

### સાચા ઉત્તર આપનાર પત્ર મિત્રો

(૧) ઋજિત એન. રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૨) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ
(૩) નટુભાઇ દરજી : પેથાપુર
(૪) રેખા એમ. જાદવ : સેકટર-૩૦
(૫) જયેન્દ્ર એન. પાઠક : સે-૬બી
(૬) મૂળજીભાઇ પરમાર 'દધિ' : સે-૭બી

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**ડેરી ક્ષેત્રે નામના પામેલ 'અમૂલ'નું આખું નામ શું છે?**
**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

### સાચા જવાબો

(૧)અ (૨)ડ (૩)ક (૪)ડ (૫)અ (૬)ડ (૭)અ (૮)ક (૯)ડ (૧૦)ડ (૧૧)ક (૧૨) ક (૧૩)ક (૧૪)બ (૧૫)ક

# બહાર આવેલા આંકડાઓ અનુસાર જાન્યુઆરી ૨૦૧૪ સુધીમાં સાઉથ આફ્રિકામાં ૭૮૭ ગેંડાઓએ એમના શીંગડા માટે જીવ ગુમાવ્યા છે, તે પછીથી અત્યાર સુધીમાં ૧૦૦૪ જેટલા ગેંડા શિકારીઓના હાથે માર્યા ગયા છે

## સ્મરણયાત્રા

### (દક્ષિણ આફ્રિકાના પ્રવાસ આધારિત સ્મરણયાત્રા)

- સંકલન : નટુભાઇ પરમાર

## દક્ષિણ આફ્રિકાની કેટલીક મોટી ખબરો

(ગતાંકથી આગળ...)

**● શિકારીઓ દ્વારા ૧૦૦૪ ગેંડાઓનો શિકાર**

દ. આફ્રિકા કે જે એની વન્યસંપદા અને ખાસ કરીને આફ્રિકન સિંહો, જિરાફ, ઝીબ્રા, ચિત્તા અને ગેંડા જેવા અનેક વન્ય પ્રાણીઓની બહુલતા માટે વિખ્યાત છે ત્યાં, પાછલા એક જ વર્ષમાં આંતરરાષ્ટ્રીય શિકારીઓ દ્વારા ૭૮૭ જેટલા ગેંડાઓની હત્યાના બહાર આવેલા કૌભાંડે અહીં સનસનાટી ફેલાવી છે.

હ્યુગો રેસ નામના ગેંડાઓની હત્યાના મોટા સૂત્રધારની દ. આફ્રિકન પોલીસે ધરપકડ કરી, તો એની સાથે મદદગારીમાં એની પત્ની, સાળા-બનેવી, નજીકના સગાંઓ, ઉપરાંત એક પાયલટ, પ્રેક્ટિસ કરતા દ. આફ્રિકન વકીલ અને પ્રિટોરિયા પોલીસના ઓર્ગેનાઇઝ્ડ ક્રાઈમ યુનિટના એક વોરન્ટ ઓફિસર મળી નવ જણના નામ ખુલતાં, તમામ સામે ત્યાંની અદાલતમાં આ કેસ ચાલી રહ્યો છે. ગેંડાઓની આ નિર્મમ હત્યા સામે અદાલતમાં દાખલ થયેલ રીટ પિટિશનમાં ૧૦૦૦૦ વન્યપ્રાણી પ્રેમીઓએ સહી કરી છે અને એમાં શિકારીઓ સામે ૩૧૮ જેટલા આરોપોનો સમાવેશ છે.

દરમિયાન આમાં સંડોવાયેલા વકીલે, પ્રિટોરિયાની અદાલતમાં આગોતરા જામીન માટે અરજી કર્યાના અને ગંભીર આરોપોના કારણોસર અદાલતે તે ફગાવી દીધાના સમાચારો પણ અખબારોમાં પ્રસિદ્ધ થયા હતા.

બહાર આવેલા આંકડાઓ અનુસાર જાન્યુઆરી ૨૦૧૪ સુધીમાં સાઉથ આફ્રિકામાં ૭૮૭ ગેંડાઓએ એમના શીંગડા માટે જીવ ગુમાવ્યા છે. તે પછીથી અત્યાર સુધીમાં ૧૦૦૪ જેટલા ગેંડા શિકારીઓના હાથે માર્યા ગયા છે. દ. આફ્રિકાના સૌથી મોટા અભયારણ્ય ક્રુગર નેશનલ પાર્કમાં જ ૫૦૪ જેટલા ગેંડાઓનો શિકાર થયો છે. આ સંદર્ભે ૨૨૭ જેટલા શિકારીઓની દ. આફ્રિકાએ ધરપકડ કરીને કાનૂની કાર્યવાહી હાથ ધરી છે. આ શિકારીઓમાં એક મોટું માથું એટલે હ્યુગો રેસ. જેના પર ગેંડાઓના ૮૪ શિકારોને આવો ગેરકાયદે શિકાર કરીને મેળવ્યા હોવાનો આરોપ છે. આ શિકારી ગેંગમાં વિયેટનામી શિકારીઓ પણ સામેલ છે. અહેવાલો કહે છે કે ચીન અને વિયેટનામમાં દવાઓ બનાવવામાં ગેંડાઓના શીંગડાઓનો ઉપયોગ થાય છે. (અહીં છપાયેલા સમાચારો મુજબ આખા વિયેટનામમાં એક માત્ર ગેંડો હતો, તેનો પણ ૨૦૧૦માં શિકાર કરી નાંખવામાં આવ્યો હતો).

પકડાયેલા આ શિકારીઓ પાસેથી ગેંડાને ટ્રાંક્વિલાઈઝ (બંદૂકથી દવા ભરેલું ઈન્જેક્શન છોડી બેહોશ કરવાની ક્રિયા) કરવા માટેના ગેરકાયદે પદાર્થો, ઘાતક હથિયારો, ઉંચકી જવાના વાહનો, શીંગડા કાઢવા માટેના કટર મશીનો વગેરે મોટા જથ્થામાં મળી આવ્યા છે.

ઈન્ટરનેશનલ ફંડ ફોર એનિમલ વેલફેરના પ્રમુખ એઝેડાઈન ડાઉન્સે પણ કરોડો કમાવી આપતા આ ધંધામાં પૂર્વ યુરોપના તત્વો સંડોવાયેલા છે ત્યારે, યુરોપ આવા ગુનેગારો સામે કડક કાર્યવાહી કરે તેવી અપીલ કરી છે.

દ. આફ્રિકામાં ૧૪ જેટલા નેશનલ પાર્ક્સ પ્રાણી સંગ્રહાલયો (ખાનગી અલગ) પૈકી સૌથી મોટા ક્રુગર નેશનલ પાર્કમાં થયેલા ગેંડાઓના શિકારમાં, આ પાર્કના જ કર્મચારીઓ સંડોવાયેલા હોઈ, તેમની પણ ધરપકડ થઈ છે અને કાનૂની કાર્યવાહી ચાલી રહી છે. તપાસમાં એ હકીકત બહાર આવી કે ગેંડાઓના લોકેશનની માહિતી શિકારીઓને આ કર્મચારીઓ જ આપતા હતા. ફોરેસ્ટ રેન્જર્સ અને પોલીસના સંયુક્ત અભિયાન દરમિયાન, ક્રુગર પાર્કના આ કર્મચારીઓ પાસેથી શિકાર માટેની બંદૂક, વિસ્ફોટક સામગ્રી, પ્રાણીઓના અંગો ચીરી કાઢવા માટેના સાધનો અને વાહનો તેમના નિવાસસ્થાનેથી મળી આવ્યા હતા. આમાંનો એક જણ તો તાજા શિકાર કરેલા ગેંડાના મૃતદેહ સાથે મળી આવ્યો હતો. આંકડાઓ અનુસાર દ. આફ્રિકાના લિમ્પોપો પ્રાંતમાંથી ૧૭૩, ક્વાઝુલુ-નાતાલ પ્રાંતમાંથી ૬૫ અને નોર્થ વેસ્ટ પ્રાંતમાંથી ૪૭ ગેંડાઓનો શિકાર થયો હતો.

ગેંડાઓના આ શિંગડાઓ ગેરકાયદે વ્યાપારને પકડી પાડી, મળી આવેલા ૭૦ કિલો જેટલા શિંગડા ઝેક અને સ્લોવેક દેશોની સરકારોએ સળગાવી દઈ, એક દાખલો બેસાડ્યાના સમાચારો પણ અહીં ચમક્યા હતા. એની તસવીરો પણ અખબારોમાં પહેલા પાને ચમકી હતી.

અખબારોએ આપેલ માહિતી અનુસાર એક સોદામાં એક ગેરકાયદે આંતરરાષ્ટ્રીય બજારમાં એક સાથે ૨૨ ગેંડાઓના શિંગડાઓની કિંમત ૧૫ લાખ રેન્ડ (યાને ૩.૭૦ કરોડ રૂપિયા) આંકવામાં આવી હતી.

(નેટ પરના છેલ્લા સમાચારો કહે છે, ગેંડાઓના વ્યાપક શિકારથી ચિંતિત દ. આફ્રિકન સરકાર અમેરિકાની મદદથી 'ગન ફાયર લોકેશન સિસ્ટમ'નો સહારો લેનાર છે, જેમાં શિકારીઓ દ્વારા શિકાર માટે થતાં બંદૂકના ધડાકાને ત્રણ કિ.મી. સુધી એ માટેના ઉપકરણોમાં ઝીલીને, સત્વરે સ્થળ પર પહોંચી શકાય તેવી વ્યવસ્થા છે. ક્રુગર નેશનલ પાર્કથી જાહેર થયેલી માહિતી અનુસાર ત્યાં આજની તારીખે ૧૦૧૦૦ ગેંડાઓ બાકી રહ્યા છે ને આ આંકડો વધુ નીચે ન જાય તે માટે સરકાર કંઈ પણ કરી છૂટશે).

**● ધર્મોપદેશક પર આરોપોનો મારો !**

દક્ષિણ આફ્રિકાના પાડોશી દેશ નાઈજિરિયામાં 'સિનેગોગ ચર્ચ ઓફ ઓલ નેશન્સ'થી ઓળખાતા, લાગોશ ખાતેના ચર્ચના ગેસ્ટ હાઉસ (ધર્મશાળા)નો કેટલોક ભાગ તૂટી પડતાં, ૧૧૫ શ્રદ્ધાળુઓ માર્યા ગયા અને ઘણા બધાને ગંભીર ઈજાઓ થઈ તે સમાચાર અહીંના અખબારોમાં બહુ મોટા પાયે પ્રસરેલા રહ્યા. કારણ કે મૃતકો માંથી ૮૪ શ્રદ્ધાળુઓ દક્ષિણ આફ્રિકાના હતા. આ દુર્ઘટના બનતા દક્ષિણ આફ્રિકાની બચાવ ટુકડીઓ અને ત્યાં આપત્તિ વ્યવસ્થાપન તંત્ર, તુરત જ નાઈજિરિયા દોડી ગયાં હતાં અને પોતાના દેશબંધુઓના ક્ષતવિક્ષત મૃતદેહોને, ધ્વસ્ત થયેલા ચર્ચના કાટમાળમાંથી બહાર કાઢીને, ખાસ વિમાનોમાં પોતાના દેશ લઈ આવવાની તજવીજ હાથ ધરી હતી.

૧૨ સપ્ટેમ્બર-૨૦૧૪ના રોજ બનેલી આ ઘટનાથી આખા દક્ષિણ આફ્રિકાએ ભારે શોક અનુભવ્યો અને એ દ. આફ્રિકાના ઈતિહાસમાં આઝાદી પછીની સૌથી મોટી દુર્ઘટના લેખાઈ. બહુ મોટી ચર્ચા જાગી, જેના કેન્દ્રમાં રહ્યા આ ચર્ચના ધર્મોપદેશક (પાદરી) ટી. બી. જોસુઆ.

ન માત્ર નાઈજિરિયા રાષ્ટ્રના શાસકો, કિન્તુ દેશ-વિદેશના નામાંક્તિ વ્યક્તિઓ અને શ્રદ્ધાળુઓ જેમના અનુયાયીઓ હતા, અને જેઓ સૌ શ્રદ્ધાળુઓમાં પ્રોફેટ-દેવના દૂતસમું સ્થાન ધરાવતા હતા, તેમને આ કરૂણાંતિકાની અગાઉથી કેમ ખબર ન પડી ?! એવો મજાકિયો સવાલ પણ ચારેકોરથી ઉઠવા લાગ્યો. આમ છતાં તંત્ર-વ્યવસ્થા તો એની રીતે કામ કરતું જ હોય છે. આ ઘટના પાછળનું તથ્ય એ બહાર આવ્યું કે, આ ધાર્મિકસ્થાનનો પાયો મજબૂત ન હતો, છતાં તેના પર વધુ બાંધકામ થયું હતું. જોસુઆની મુલાકાતે આવતા - તેમના ધર્મજ્ઞાનનો લાભ લેવા આવતા શ્રદ્ધાળુઓની સંખ્યામાં આવેલા અસાધારણ ઉછાળાને કારણે, અહીં બેઠક વ્યવસ્થા માટે વધુ બાંધકામ કરવાની જરૂર ઉભી થઈ હતી. જે સરકારના આ માટેના પ્રવર્તમાન નિયમો - મર્યાદાઓને ધ્યાનમાં લીધા વિના જૂના બાંધકામ ઉપર જ બે માળ બાંધી દેવામાં આવ્યા હતા. આથી જ્યારે ધર્મોપદેશ (ટેલીવાઈઝ થઈ) ચાલતો હતો ત્યારે જ આ ઘટના બની, અને ૧૧૫ શ્રદ્ધાળુઓ મોતને ભેટ્યા.

જોસુઆ પ્રત્યે વિરોધ વધવાનું એક કારણ એ પણ રહ્યું કે, આવડી મોટી દુર્ઘટના બનવા છતાં, બે દિવસ સુધી તેમણે કોઈ પ્રતિભાવ જ ન આપ્યો અને બોલ્યા ત્યારે એટલું જ બોલ્યા : 'ખરાબ સમય કદાચ મારી પરીક્ષા કરતો હશે, પરંતુ તે મારો નાશ નહિ કરી શકે!' આમાં મૃતકોને શ્રદ્ધાસુમન તો નહોતા જ, ઉલટાનું સરકારી તપાસ એજન્સીઓને, ચર્ચ તરફથી યોગ્ય સહકાર આપવાનું પણ જોસુઆએ ટાળ્યું. પ્રથમ ત્રણ દિવસ જોસુઆ પણ ચર્ચના ટેકેદારોએ, બચાવ ટુકડીઓને દુર્ઘટના સ્થળ પર જતી રોકવાનું જ કામ કર્યું. અંતે બચાવ ટુકડીઓએ પણ એમની સરકારને જોસુઆના આવા વલણની ફરિયાદ કરી. છેવટે લાગોસ (નાઈજિરિયા)ના ગવર્નર સ્થળની રૂબરૂ મુલાકાત લઈ જ્યારે, (આ રાજ્યની જ પરવાનગીથી ચાલી રહેલા) ચર્ચને બંધ કરી દેવાની ચીમકી ઉચ્ચારી ત્યારે, જોસુઆ અને એમના ટેકેદારોએ તંત્રને મદદનો હાથ લંબાવ્યો.

આ પછી પણ જોસુઆ પર બહુ માછલાં ધોવાયાં અને આરોપોનો મારો ચાલ્યો, એટલે જોસુઆ બોલ્યા : 'ઘટનાના દિવસે એક વિમાન આ ચર્ચ નજીકથી બહુ નીચેથી ઉડ્યું હતું !.... આ બોકોહરામ આતંકવાદી જૂથનું કાવત્રું હોઈ શકે.' જો કે, સરકારે પણ આ બેય બાબતોની ઊંડી તપાસ કરવાનું તાબડતોબ કહી દીધું !

જેમણે એમના સ્વજનો ગુમાવ્યા છે, એવા પરિવારજનોએ ભેગા મળીને પાદરી જોસુઆ સામે, અદાલતમાં કાર્યવાહી કરવાની જાહેરાત કરી છે. બીજી બાજુ બંધારણીય બાબતોના અહીંના નિષ્ણાંત પ્રો. સેરૂક ગુટ્ટોએ પણ એને સમર્થન આપતા કહ્યું કે, 'જોસુઆની સંપતિ આ દેશમાં છે, એવું પૂરવાર થાય તો, અદાલતી કાર્યવાહી થઈ શકે તેમ છે.'

એ પછીના દિવસોમાં 'જોસુઆએ બહુ મોટી સંપતિ એકઠી કરી છે... ચર્ચ દુર્ઘટનાની સાચી વિગતો બહાર ન લાવવા પ્રેસ કોન્ફરન્સમાં જોસુઆએ પત્રકારોને નાણાં આપી લલચાવવાનો પ્રયત્ન કર્યો છે... જોસુઆ સામે ગુનાહિત બેદરકારી સબબ કાનૂની કાર્યવાહી કરવી જોઈએ.... નીતિ-નિયમો વિરુદ્ધ ઉભા કરાયેલા બાંધકામનો કોઈ વિમો ચર્ચે લીધો ન હતો, કારણ બહુ સુધી કોઈ વિમા કંપની દાવો ચૂકવવા આગળ આવી નથી.... નાઈજિરિયાના રાષ્ટ્રપ્રમુખ ગુડલક જોનાથન પોતે જ જોસુઆના અનુયાયી છે!...' જેવા આરોપોના તીર ચાલતા રહ્યા.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# સિદ્ધિ પ્રાપ્ત કરવા સાધનાની આવશ્યકતા

બિથોવન એક જમાનાનો મશહૂર પિયાનોવાદક હતો. તે જ્યારે કાર્યક્રમ આપતો ત્યારે લોકોને થતું કે તેને બે હાથ છે કે આઠ હાથ. દસ આંગળીઓ છે કે વધારે... એનું સંગીત પણ એવું જ જાદુઇ હતું. પિયાનોના બોર્ડ ઉપર એના હાથની આંગળીઓ ચમત્કારિક રીતે ફરતી હતી અને પછી જે સંગીત ઉદ્ભવતું તેનો જોટો જડવો મુશ્કેલ હતો. દિવ્ય સંગીત કોને કહેવાય તેની પ્રતીતિ થતી ને તેના આવા એક કાર્યક્રમમાં એ અમૃતમય સંગીતથી બધા રસતરબોળ થઇ ગયાં હતાં. ધરવ નહોતો થતો. વધુ સાંભળવા માટે તેની અતૃપ્તિ રહી જ ગઇ હતી.

તે દિવસે છેલ્લે બિથોવને એક નવી જ તરજ ઉપાડી. આજ સુધી કોઇએ સાંભળી ન હતી તેવી - એ અનોખી ધૂન સાંભળીને લોકો મુગ્ધ થયા હતા. તેણે લય બદલ્યો - સંગીતકારના હાથ વીજળીની ઝડપે દોડવા લાગ્યા. પિયાનો જાણે તેનું રણક્ષેત્ર બન્યો. એક એવી હવા જામી ગઇ કે ને પૂછો વાત. એને અંતિમ થાપ સાથે તેણે છેલ્લો કાર્યક્રમ પૂરો થયો.

અદ્ભૂત! એ સંગીત હતું કે અમૃતસ્વાદ! શ્રોતાઓએ તાલીઓના ગડગડાટથી બિથોવનનું અભિવાદન કર્યું. તેણે ઊભા થઇ સૌનું અભિવાદન ઝીલ્યું. વળતા નમસ્કાર કર્યા અને સંગીતની લહરીઓની ભીનાશ લઇ શ્રોતાઓ પોતાના ઘરનાં પંથે પડ્યા.

કેટલાક પ્રેમીઓ રંગભૂમિ પર જઇ બિથોવનને ઘેરી વળ્યા. ત્યારે એક મહિલાએ તેને કહ્યું, 'ભગવાનને મને તમરા જેવી પ્રતિભા આપી હોત તો હું પણ આવું જ અદ્ભૂત સંગીતસર્જન કરી બધાના દિલને ડોલાવત...'

'પરંતુ કાંઇ વાંધો નહીં, હજી પણ તમે તે કરી શકો છો?'

'એમ? હજુય ભગવાન મને આવી પ્રતિભા આપી શકે? હું પણ તમારી જેમ સ્વરની જાદુગર બની શકું?'

'અવશ્ય. આમાં ભગવાનને ઝાઝી લેવા દેવા નથી. એ બીજ તો તેણે બધાંને આપ્યું જ છે. પછી પ્રતિભા અને જાદુનો સવાલ જ કયાં છે?'

'તો હું તે પ્રતિભા કેવી રીતે ખીલવી શકું?'

'ચાલીસ વરસ સુધી રોજે રોજ આઠ કલાક પિયાનો વગાડો તો તમે પણ મારા જેવા જ બની જાઓ.'

'ચાલીસ વરસ! અને રોજ આઠ કલાક! બાપ રે, એ તો મારાથી ન થાય.'

'તો તમારાથી સંગીતકાર બની ન શકાય. તમારામાં જે બીજ છે તે અંકુરિત થયા વગર જ પડ્યું રહેશે.'

બિથોવને કેટલો ખંત રાખ્યો હશે ત્યારે તેની સંગીત પ્રતિભાના બીજ પાંગરીને તેનાં આવા ભવ્ય ફળ પ્રાપ્ત કરી શક્યો હશે? એક રીતે એ ખેડૂત જ હતો ને? બીજને ખેડૂત વાવે, ખાતર પાણી આપી ઉછેરે તેમ માનવીમાં પડેલાં એ બીજને ખૂબ જ કાળજી અને ખંતથી ખાતર પાણી આપીએ તો શા માટે અંકુરિત ન થાય? અંકુરિત કરનારી એ દિવ્ય ચેતના તો પ્રત્યેકના હૃદયમાં જ છે. સવાલ એ છે ખંતથી, કાળજીથી તે બીજને અંકુરિત કરવાનો?